# પારેવાનાં પાકા ભાઈબંધ



સવાર થયું

સૌ જાગ્યા. ઘૂ... ઘૂ... ઘૂ... કરતાંકને પારેવાં પણ જાગ્યાં. કોઈ પારેવું ઝાડ પર હતું કોઈ પારેવું ચબૂતરામાંના ગોખલામાં હતું. કોઈ પારેવું કૂવાની અંદરના બાંકોરામાં હતું. તો કોઈ પારેવું ટેકરી પરની બખોલમાં હતું.

સવાર થયું એટલે પારેવાં ફડ ફડ ફડ ફડ ફડ અવાજ સાથે પાંખો હલાવતા ગામની વચમાં આવેલા મેદાન પર ઊતરવા માંડ્યાં. અહીં પારેવાં રોજ આવે. કોઈ પારેવું એકલું આવે, કોઈ બેકલું આવે, કોઈ વળી ચાર-પાંચની ટોળીમાં આવે ને ક્યારેક તો પંદર-વીસ પારેવાંનો ઘેરો એકસાથે મેદાનમાં ઊતરી પડે : ફ્ડાઆઆટફડ !

ગામનાં માણસો મેદાન પાસે આવે. ઊભે. પારેવાંને દેખે તે રાજી થાય. તેઓ પોતાની સાથે લાવ્યા હોય તે ચણ નાખે. પંખી ચાંચેથી જે અનાજ ખાય તે ચણ કહેવાય. ઘઉં, બાજરો, જુવાર, દાળ – આવું બધું પારેવાં ચણે.

મેદાનમાં ચણ નખાતું હોય તે ટાણે પારેવાં ડરે નહીં, બધા ચણતાં જ રહે. કોઈ પારેવું ધરાય તો બીજા ધરાયેલા પારેવાં સાથે રમવા લાગે. એકબીજાની પાછળ દોડે. એકબીજાને ચાંચ અડાડે ને ઘૂ... ઘૂ... ઘૂ... અવાજ કરે. કોઈ પારેવું પાંખ ફેલાવે. કોઈ વળી ઊડવા માંડે. એને ઊડતું દેખીને બીજા બે-પાંચ ઊડે ને ઓચિંતાના બધાંય ઊડે..... ને થોડી વાર પછી પાછાંય મેદાનમાં આવે. એવું નહીં કે સવારે જ આવે, બપોરે આવે ને સાંજેય આવે. એકલાં આવે. બેકલાં આવે. ટોળીમાં આવે ને ટોળામાં આવે, ચણે, રમે ને મજા કરે.

માણસને જમવાની મજા.

ઢોરને ચરવાની મજા.

માછલાંને ગળવાની મજા.

પંખીને ચણવાની મજા.

- પણ છઠ્ઠા ધોરણમાં ભણતો એક છોકરો દીપ. આ મજાની વાત સમજે નહીં. એ માણસને જમવા દે. એ ઢોરને ચરવા દે. એ માછલાંને ગળવા દે પણ.... પણ પંખીડાને અને તેમાંય પારેવાંને ચણવા ના દે ! બધાં પારેવાં ચણવામાં મસ્ત હોય ત્યારે દીપ મેદાન પાસે આવે. પછી બે હાથ પહોળા કરીને તર... તર... કબૂતર... તર... તર... કબૂતર.... એમ બોલતો બોલતો મેદાનમાં દોટ મૂકે. આથી ગભરાયેલા પારેવાં એકસામટાં ઊડે : ફડ.... ફડ.... ફડાઆઆઆટ !

આ દેખી દીપ હરખાય – મેં કેવું કર્યું ! એક વાર તો દીપની દોટમાં એક પારેવાની પાંખ દબાઈ તોય બીચારૂં જીવ બચાવવા વધુ જોર કરીને ઊડી ગયું.

એ પારેવું ઊડીને એક ઝાડ પરના પોતાને માળે જઈને બેઠું. ચીંચીં ચીંચીં કરતાં એના બચ્ચાં કહે-'મમ્મી, તું કેમ રડે છે ?'

'બેટા, મારી પાંખ દુ:ખે છે.'

'પાંખમાં શું થયું ?'

'સમજ વગરનો એક છોકરો છે ને તે અમે ચણીએ છીએ એ મેદાનમાં દોડે છે. એટલે પછી કોઈને કોઈ પારેવાંની પાંખોને કે પગોને ઈજા થાય છે.'

'મમ્મી, એને કોઈ સમજાવે નહીં કે ચણતાં પારેવાંને એમ હેરાન ના કરાય ?'

'એને કોણ સમજાવે ?'

'પારેવાના પગે ચાંચ અડાડીને રડતું બચ્ચું કહે – મમ્મી, એને કોઈ ના સમજાવે ?'

'સમજાવે તો એ કે જે પોતે સમજું હોય, ડાહ્યા હોય.'

એવો સમજું કે ડાહ્યો હતો યશ. એ દીપની સાથે છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. બંને એક જ પાટલી પર બેસતા. આમ એકબીજાને ઓળખે. પણ પાકા ભાઈબંધ નહીં. એક વાર રિશેષ વખતે દીપે યશને કહ્યું 'યશ, એક વાત કરું. છે ને પારેવાંને મેદાનમાંથી ઉડાડવાની મને એવી મજા પડે છે, એવી મજા આવે છે કે ભારે મજા આવે છે !'

'દીપ હું મારી વાત કરું. છે ને પારેવાંને રમાડવાની મને એવી મજા પડે છે, એવી મજા આવે છે કે ભારે મજા આવે છે !'

'પારેવાંને રમાડાય ? કેમ રમાડાય ?'

એ જોવું હોય તો આવજે દીપ, મારે ઘેર. '

'ક્યારે આવું ?'

'આજે જ. રજા પડે એ પછી.'

ઘંટ વાગ્યો : ટનટનટનટનટનટનટનટન...... બાળકો પોતપોતાને ઘેર જવા નીકળ્યા. દીપ યશની સાથે તેને ઘેર ગયો. યશનાં મમ્મી પૂજામાસીએ એ બંનેને ઘરના આગલા ઓરડામાં બેસાડ્યાને પછી નાસ્તો કરાવ્યો. તે પછી યશ દીપને ઘરની પાછળના વાડામાં લઈ ગયો.

વાડામાં ઘણાં લાકડાં સુકાતા હતા ને સૂકાં લાકડાં રખાયેલાં હતાં. વાડાને ખૂણે હતું લીમડાનું ઝાડ. એ ઝાડની નીચે હતું ચણનું માટલું ને માટલાથી થોડે દૂર નાનકડા ચોકમાં હતી પાણી ભરેલી માટીની કથરોટ. યશે દીપને ચોકથી દૂર રાખેલા ખાટલા પર બેસાડ્યો. પોતે લીંબડા નીચે ગયો. માટલામાંથી ચણ લીધું ને ચોકમાં નાખ્યું. થોડું ચણ ખિસ્સામાં પણ લીધું.

ચણવાને માટે પાંચ-સાત પારેવાં તો લીમડાની ડાળીએ હાજર જ હતા. ! એ પાંખો ફફડાવતા નીચે ચોકમા આવ્યાં. બીજાંય આવ્યાં. એ બધા પારેવાં ચણવા માંડ્યાં. એમને ચણતા જોઈને દીપને ચોકમા દોટ મૂકવાનું મન થયું પણ યશે તેને ચૂપચાપ બેસવાનું કહેલું. એટલે શું થાય ? બસ, બેસી રહ્યો ને ચોકમાં જોતો રહ્યો.

એણે જોયું : યશ પારેવાંની નજીક જાય છે.... ખિસ્સામાંથી ચણ કાઢીને પોતાના ખોબામાં લે છે.... પલાંઠી વાળીને બેસે છે.... કોઈ પારેવાં ડરતાં નથી... કોઈ પારેવાં ઊડતાં નથી... એ તો ચણતાં ચણતાં યશની વધારે નજીક આવે છે.... યશના ખોબામાંથી ચણવા માંડે છે... એક પારેવું ચણતું ચણતું યશને ખોળે બેસે છે.... બીજું યશને ખભે બેસે છે.... ત્રીજું યશને માથે બેસે છે.... હવે યશ માથું હલાવે છે. પારેવાં ઊડતા નથી યશ ખભો હલાવે છે. પારેવાં ઊડતા નથી. શાંતિથી બેઠાં છે. થોડી વાર પછી એક પારેવું પાંખો ફફડાવતાં લીમડે બેસે છે ને બીજા ઊડીને વાડાની બહાર જાય છે....

પછી યશ દીપની પાસે આવ્યો. દીપ તો હજુ ચોકમાં જ જોતો હતો. ! એનો ખભો હલાવીને યશ કહે : 'દીપ, કેમ કંઈ બોલતો નથી ?'

શું બોલું ? બીકણ પારેવાં ખોળે બેસે ને ખભે ચડે ! બહુ કેવાય ! ને તું એ બધાંની વચમાં ને છતાં એ ચણતા જ રહે ને રમતાં રહે !'

'યશ કહે, 'કેમ ના ચણે ને કેમ ના રમે ? પારેવાંને પાકો ભરોસો થવો જોઈએ કે આ છોકરો સમજુ છે, ડાહ્યો છે, દયાળુ છે, અમારો દોસ્ત છે, પાકો ભાઈબંધ છે.'

"હેં યશ, પારેવાં મારા ખભે બેસે ખરાં ?"

"જરૂર બેસે."

"પારેવાં તો હું મેદાન પાસે જઉં કે તરત ફટાફટ ફડફડ કરતાંક ને ઊડી જાય છે. યશ, એ મારે ખોબેથી ચણે ખરાં ?"

"જરૂર ચણે, પણ એ માટે તારે હવેથી પેલા મેદાનમાં દોટ મૂકવાનું બંધ કરવું પડે."

"ભલે, ભલે... હવે તે બંધ."

"- ને પછી એક જ જગ્યાએ રોજેરોજ ચણ નાખતા રહેવું પડે."

"નાંખીશ."

"જો દીપ, ચણતા પારેવાંને કનડવાનાં નહી.

ચણતાં પારેવાંથી દૂર ઊભા રહેવું. પછી પોતાની નજીકમાં ચણ નાખવું. "

"હં.... તે પછી ?"

"પછી વધારે નજીક ચણ નાખવું.

એમને તારી બીક નહી લાગે એટલે પછી તારી નજીક આવશે ને તારે ખોબેથી ચણશેય ખરા."

"મારે ખભે ?"

"એમને પાકો ભરોસો બંધાશે તો ખભે બેસશે; એ માટે ધીરજ રાખવાની, ખૂબ જ ધીરજ."

દીપે યશની સાથે હાથ મિલાવ્યો. ભેટી પડ્યો ને બોલ્યો – "યશ, આવતી કાલથી જ મારા ઘરના આંગણે ચણ નાખવાનું ચાલુ કરીશ ને ધીરેધીરે તારી જેમ હું થઈશ પારેવાંનો પાકો ભાઈબંધ!"

- ઈશ્વર પરમાર

(શ્રેષ્ઠ બાળવાર્તાઓ)